# માનવતા માટે પ્રેમ
# આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
# શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*ગરિમા બોરવણકર*

સન ૧૯૮૪ના ઑક્ટોબર મહિનાની આ વાત છે. બાબા મુક્તાનંદની મહાસમાધિના સન્માનમાં ગુરુદેવ સિદ્ધપીઠમાં આધ્યાત્મિક અભ્યાસો અને પવિત્ર અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ભાગ લેવા માટે ભારતભરથી અને આખા વિશ્વમાંથી હજારો સિદ્ધયોગીઓ આશ્રમમાં આવ્યા હતા. ગુરુચોકનો સત્સંગ હૉલ, જેને હાલમાં હૃદયદ્વીપ કહેવામાં આવે છે, ત્યાં સાત દિવસનું અખંડ નામસંકીર્તન સપ્તાહ થઈ રહ્યું હતું અને યજ્ઞમંડપમાં યજ્ઞ પણ થઈ રહ્યો હતો.

આ મંગળમય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે દરરોજ બસો ભરી-ભરીને ભક્તો આવી રહ્યા હતા. આ બધા ભક્તોને રહેવા માટે, આશ્રમના મુખ્ય દ્વારની સામે આવેલી વિશાળ જગ્યામાં ઘણા બધા તંબૂઓ બાંધવામાં આવ્યા હતા. આ જગ્યાને ચિત્રકૂટ કહેતા હતા. ચિત્રકૂટમાં ઘણા બધા તંબૂઓ હતા અને સૌથી મોટા તંબૂમાં લગભગ બસો ભક્તો રહી શકતા હતા.

ગુરુચોકમાં થઈ રહેલા નામસંકીર્તન સપ્તાહનો આનંદમય ધ્વનિ રાતદિવસ આખા વાતાવરણમાં વ્યાપ્ત હતો. એક દિવસ મોડી રાતે, જ્યારે મોટાંભાગનાં લોકો સૂવા જતાં રહ્યાં હતાં, હું અને બીજા કેટલાક સેવાકર્તાઓ હજી પણ આવાસનિવાસની ઑફિસમાં સંકીર્તન સાંભળતાં-સાંભળતાં અમારી સેવા પૂરી કરી રહ્યા હતા. અચાનક જ અમે વરસાદનો ઝરમર-ઝરમર અવાજ સાંભળ્યો. અમે આશ્ચર્યચકિત થઈને એકબીજાની સામે જોવા લાગ્યા. ચોમાસું ઘણાં અઠવાડિયાં પહેલાં જ પૂરું થઈ ગયું હતું — અમને તો એવું જ લાગ્યું હતું. અમે દોડીને બાલ્કનીમાં જોવા ગયા, એ આશા સાથે કે કદાચ આ ઝરમર થોડીવાર માટે જ હતી, પણ એ જોઈને અમે નિરાશ થઈ ગયા કે તે ઝરમર વરસાદ હવે એકધારો વરસી રહ્યો હતો અને દરેક મિનિટે વધી રહ્યો હતો. અમને ચિંતા થવા લાગી કારણ કે સેંકડો લોકો તંબૂમાં સૂઈ રહ્યાં હતાં. અમે સમજી ગયાં કે જલ્દીથી એ બધાં લોકોને ત્યાંથી બહાર કાઢીને બીજી જગ્યાએ લઈ જવાં પડશે કારણ કે એ તંબૂઓ વૉટરપ્રૂફ નહોતા. અમને એ પણ સમજાયું કે આ કરવા માટે અમને ઘણા બધા સેવાકર્તાઓની મદદની જરૂર પડશે અને આ બધું તરત જ કરવું પડશે!

જ્યારે અમે આના વિશે ચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે ગુરુમાઈજી આવાસનિવાસ ઑફિસમાં આવ્યાં. તેમણે કહ્યું, “આપણે ચિત્રકૂટમાં રહેતાં બધાં લોકો માટે રહેવાની વ્યવસ્થા બીજી જગ્યાએ કરવી પડશે.” ગુરુમાઈજીએ એક સેવાકર્તાને કહ્યું કે તે ગુરુચોકમાં જઈને જેટલાં પણ લોકો મળે તે બધાંને મદદ કરવા માટે બોલાવી લાવે.

તરત જ, અમે કામ શરૂ કરી દીધું. જેમ-જેમ લોકોને આના વિશે જાણ થતી ગઈ, વધુને વધુ લોકો મદદ માટે આવવા લાગ્યાં. ગુરુમાઈજી સ્વયં લોકોને જુદાં-જુદાં કાર્યો કરવા માટે નિર્દેશ આપી રહ્યાં હતાં. કેટલાંક લોકો ચિત્રકૂટ ગયાં અને ત્યાં રહેતાં લોકોને તેમનો સામાન બાંધવામાં મદદ કરવા લાગ્યાં અને બીજાં લોકો તંબૂમાંથી સૂકાં ગાદલાં લાવવા માટે ગયાં. બાકીનાં બીજાં લોકો આખા આશ્રમમાં જ્યાંથી પણ મળે ત્યાંથી વધારાનાં ગાદલાં શોધવા માટે ગયાં.

ગુરુમાઈજીએ અમને કહ્યું કે અમે ગુરુચોકની નીચે આવેલા ઇન્ટેન્સિવ હૉલમાં તેમજ મુક્તેશ્વર, સિદ્ધેશ્વર અને નિત્યેશ્વર બિલ્ડિંગની લૉબીમાં ગાદલાં પાથરવાનું શરૂ કરી દઈએ. બધાં લોકો આ કામમાં જોડાઈ ગયાં અને જે પણ જરૂરી હતું એ કરવા લાગ્યાં. ગુરુમાઈજી સ્વયં સેવાકર્તાઓ સાથે મળીને ગાદલાં ઉઠાવી રહ્યાં હતાં અને લૉબીમાં પાથરી રહ્યાં હતાં.

ચિત્રકૂટમાંથી લોકો આવવા લાગ્યાં. સેવાકર્તાઓ તેમને તેમની નવી પથારી તરફ લઈ જઈ રહ્યાં હતાં, ત્યારે ગુરુમાઈજી સ્વયં તેમની પાસે જઈને પ્રેમથી તેમને પૂછી રહ્યાં હતાં કે શું તેઓ ઠીક છે અને શું તેમને બીજી કોઈ વસ્તુની જરૂર છે.

મેં જોયું કે લોકોની આંખોમાં આંસુ હતાં અને તેઓ કૃતજ્ઞતાપૂર્વક માથું નમાવીને ગુરુમાઈજીને પ્રણામ કરી રહ્યાં હતાં. લોકોએ જોયું કે તેમનાં પરમપ્રિય શ્રીગુરુ તેમનાં માટે ગાદલાં ઉપાડી રહ્યાં છે, ગાદલાં પાથરી રહ્યાં છે અને અડધી રાત્રે પણ એ વાતની કાળજી રાખી રહ્યાં છે કે તેઓ ઠીક છે, આ જોઈને તેમનું હૃદય ભરાઈ આવ્યું. એ બહુ સ્પષ્ટ હતું કે બધાં લોકોનાં હૃદયને આ સ્પર્શી ગયું હતું કે ગુરુમાઈજી તેમને કેટલો પ્રેમ કરે છે, તેમની કેટલી પરવા કરે છે અને સ્વયં તેમની સુખ-સુવિધાનું ધ્યાન રાખી રહ્યાં છે. ગુરુમાઈજી માટે તેમની કૃતજ્ઞતા અને ભક્તિ એટલી જ પ્રત્યક્ષ હતી જેટલો ગુરુમાઈજીનો તેમના પ્રત્યે અપાર પ્રેમ.

ચિત્રકૂટમાંથી જ્યારે છેલ્લી વ્યક્તિની રહેવાની વ્યવસ્થા પણ અંદર થઈ ગઈ ત્યારે ગુરુમાઈજીએ એ બધા સેવાકર્તાઓનો આભાર માન્યો જેમણે આખી રાત આ કાર્યમાં મદદ કરી હતી. તેમણે અમારી તરફ પ્રેમભર્યું સ્મિત કર્યું અને પ્રેમથી હાથ હલાવીને ત્યાંથી જતાં રહ્યાં.

સવાર થવામાં હતી, તેમ છતાં અમે બધાં પૂર્ણપણે સ્ફૂર્તિનો, અદ્‌ભુત શક્તિનો અનુભવ કરી રહ્યાં હતાં, જાણે કે અમને આખી રાત ખૂબ સરસ ઊંઘ આવી હોય. અમે અમારી ઑફિસમાં પાછા ગયા અને થોડીવાર શાંતિથી બેસીને રાતની મૃદુલતાને આત્મસાત્ કરવા લાગ્યા. નામસંકીર્તનનો ધ્વનિ ઑફિસ સુધી પહોંચી રહ્યો હતો અને જેમજેમ વધારે લોકો સપ્તાહમાં આવવા લાગ્યાં, તેમતેમ તે ધ્વનિ વધુ શક્તિશાળી થતો ગયો. જોકે, આખી રાત અમારાં પર પ્રેમ અને આશીર્વાદોની વર્ષા કરીને હવે વરસાદ બંધ થઈ ગયો હતો.

જ્યારે મેં પ્રત્યક્ષરૂપે જોયું કે ગુરુમાઈજીએ દરેક વ્યક્તિને અપાર પ્રેમ આપ્યો, દરેક વ્યક્તિનું ધ્યાન રાખ્યું ત્યારે મને શ્રીગુરુના હૃદયની વિશાળતાની એક ઝલક મળી. આવું જ છે શ્રીગુરુનું સ્વરૂપ — 'પ્રેમ કા સાગર', પ્રેમનો સાગર.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

*સ્વામી ઈશ્વરાનંદ*

સન ૧૯૮૬માં શ્રીગુરુમાઈએ ભારતના ગુજરાત રાજ્યમાં એક 'ટીચિંગ યાત્રા'નો આરંભ કર્યો હતો. તેમણે મોટાં શહેરોમાં, મોટા-મોટા સત્સંગ કર્યાં જેમાં હજારો ભક્તો અને શુભેચ્છકોએ ભાગ લીધો હતો. ગુરુદેવ સિદ્ધપીઠ પાછા ફરતી વખતે રસ્તામાં એક નાના ગામડામાં, ત્યાંના સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રના સંચાલકોના આમંત્રણને સ્વીકારીને ગુરુમાઈજી ત્યાં સત્સંગ કરવા માટે રોકાયાં.

એ ગામમાં બહુ થોડા સિદ્ધયોગ વિદ્યાર્થીઓ રહેતા હતા. પરંતુ જ્યારે ગુરુમાઈજીના આગમનની ખબર ફેલાઈ તો ગામનાં બધાં લોકો તેમનું સ્વાગત કરવા ભેગાં થઈ ગયાં.

તેમણે ગામના ચોકને તોરણો અને ફૂલોના હારથી શણગાર્યું હતું અને શ્રીગુરુમાઈની ખુરશી ચોકમાં વચ્ચે મૂકી હતી, જેની આસપાસ બધાં લોકોને બેસવા માટે જગ્યા હતી. ગામનાં લોકો ઘણાં બધાં નાળિયેર પણ ઉતારીને લાવ્યાં હતાં અને તેને કાપીને તૈયાર રાખ્યાં હતાં, જેથી તેઓ ગુરુમાઈજીને અને તેમની સાથે યાત્રામાં આવેલા સેવાકર્તાઓને તાજું નારિયેળ પાણી આપી શકે. ભારતમાં આદરણીય અતિથિનું સ્વાગત કરવા માટે આ એક પારંપરિક રીત છે.

જ્યારે ગુરુમાઈજીએ આવીને તેમનું આસન ગ્રહણ કર્યું તો આખું ગામ તેમની આસપાસ ભેગું થઈ ગયું. અત્યંત ભક્તિપૂર્વક, બે કેન્દ્ર સંચાલકો શ્રીગુરુમાઈનું સ્વાગત કરવા માટે એક ગ્લાસમાં નાળિયેરનું પાણી લઈને તેમને આપવા આગળ આવ્યા. ગુરુમાઈજીએ પ્રેમથી સ્મિત કર્યું અને કહ્યું, "પહેલાં મારા સ્વામીઓને નાળિયેર પાણી આપો." કેન્દ્ર સંચાલકોએ માથું હલાવીને હા પાડી અને ગુરુમાઈજીની ઇચ્છા પૂરી કરી.

પછી તેઓ નાળિયેર પાણીના બીજા ગ્લાસ સાથે ગુરુમાઈજી પાસે આવ્યા. ગુરુમાઈજીએ કહ્યું, "પહેલાં થોડું નાળિયેર પાણી મારી સાથે યાત્રામાં આવેલા સેવાકર્તાઓને આપો જેમણે ઘણો લાંબો પ્રવાસ કર્યો છે." બંને સંચાલકોએ હા પાડી અને ગુરુમાઈજી સાથે આવેલા દરેક સેવાકર્તાને નાળિયેરનું પાણી આપ્યું.

જ્યારે કેન્દ્ર સંચાલકો ત્રીજીવાર નાળિયેર પાણીના ગ્લાસ સાથે આગળ આવ્યા ત્યારે ગુરુમાઈજીએ તેમને કહ્યું, "ગામનાં આ લોકોએ ખૂબ જ સેવા કરી છે, તેમને તરસ લાગી હશે. એ સુનિશ્ચિત કરો કે બધાંને નાળિયેર પાણી મળે." આ રીતે, ગામનાં બધાં લોકોને તાજાં નાળિયેરના મીઠા પાણીનો ગ્લાસ પીવા મળ્યો.

આખરે, કેન્દ્ર સંચાલકો ગુરુમાઈજી પાસે પાછા આવ્યા અને કહ્યું, “ગુરુમાઈજી, બધાં લોકોને નાળિયેર પાણી મળી ગયું છે. હવે અમે તમને આપવા માંગીએ છીએ.”

ગુરુમાઈજીએ પ્રેમથી સ્મિત કરીને માથું હલાવીને ના પાડી. તેમણે કહ્યું, “તમે કોઈકને ભૂલી ગયા છો.” બંને કેન્દ્ર સંચાલકો મૂંઝવણમાં પડી ગયા. તેમણે આજુબાજુ જોયું અને બોલ્યા, “અમે કોને ભૂલી ગયા?” ગુરુમાઈજીએ કહ્યું, “તમે પોતાને જ ભૂલી ગયા. એક ગ્લાસ નાળિયેર પાણી પી લો.” કેન્દ્ર સંચાલકોએ ગુરુમાઈજીને પ્રણામ કર્યા અને નાળિયેર પાણીને ગુરુમાઈજીનો પ્રસાદ માનીને પી ગયા.

તેમણે નાળિયેર પાણી પી લીધું પછી ગુરુમાઈજીએ કહ્યું, “આહ, હવે જ્યારે બધાંનાં હૃદય તૃપ્ત થઈ ગયાં છે તો હું પણ તૃપ્ત થઈ ગઈ છું.”

એ દિવસે મને શ્રીગુરુના વિશાળ હૃદયની એક ઝલક જોવા મળી!

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.